# નગર પ્રવાહ...

ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૨૪ ટકા



**શહેરમાંથી સરકારી ૭૬ હોર્ડિંગ્સ-બેનર્સ દુર કરાયા** - લોકસભા ચુંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે, તેની સાથે જ આદર્શ આચાર સંહિતાની પણ અમલવારી શરુ થઈ ગઈ છે. તા.૧૦ માર્ચની સાંજે જાહેર થયેલી આચારસંહિતા બાદ સરકારે તે સાંજથી જ તેના આગામી કાર્યક્રમો રદ કરી દીધા છે. તો બીજીતરફ શહેરમાં ચારેય તરફ લાગેલા સરકારી કાર્યક્રમો અને યોજનાઓના હોર્ડિંગ્સ-બેનર્સ પણ ઉતારવાનું શરુ થઈ ગયું છે. ગાંધીનગર શહેરમાં મુખ્યમાર્ગો, પ્રવેશદ્વારો તથા સર્કલો આસપાસ લાગેલા સરકારી હોર્ડીંગ્સ-બેનર્સ ને તંત્રએ ઉતારી લીધા છે. આજે ગાંધીનગર મહાનગર પાલિકાની ટીમો દ્વારા શહેરના વિવિધ સ્થળો પરથી ૭૬ હોર્ડિંગ્સ-બેનર ઉતારી દેવામાં આવ્યા છે.

## સર્વ શિક્ષા અભિયાનના શોષિત કર્મચારીઓના ધરણા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત રાજય કરાર આધારીત કર્મચારી મંચ દ્વારા સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લા અને તાલુકામાંથી અંદાજીત ૩ હજારથી શોષિત કર્મચારીઓ સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયા હતા. આ કર્મચારીઓ છેલ્લા ૧૮ વર્ષથી સરકારની નિતીથી પિડાઈ રહ્યા છે. સમાન કામ અને સમાન વેતન અને જોબ સિક્યુરીટી સહિત કર્મચારીઓને મળતા લાભો આપવામાં આવે તે કર્મચારીઓની મુખ્ય માંગણી છે. ત્યારે પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ સત્વરે આવે તે માટે પાટનગરમાં એકઠા થયા હતા. પરંતુ કર્મચારીઓ પાસે મંજુરી નહીં હોવાથી પોલીસ અને કર્મચારીઓ વચ્ચે રકઝક થઈ હોવાના દ્રશ્યો સર્જાયા હતા.

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત રાજયના તમામ જિલ્લા અને તાલુકામાં કર્મચારીઓ ૧૮ વર્ષથી ફરજ બજાવે છે. આ કર્મચારીઓનો પગાર રૂ. ૧૦,૪૦૦ અને વધુમા વધુ ૧૯ હજાર થી વધારે મળતો નથી. ભારતના અન્ય રાજયમાં કર્મચારીઓને કાયમી કરવામાં આવ્યા છે,તો ભારતમાં કેમ નહી. જયારે કર્મચારીઓની માંગ છે કે તેઓને સરકાર તરફથી મળતા લાભ ટીએ-ડીએ, ઈન્ક્રીમેન્ટ, પેન્શન મળવુ જોઈએ. બીજા ચોથા શનિવારની રજા અને દિવાળીની રજા તેમજ મેડીકલ લીવ મળવી જોઈએ, સતત રીવ્યું અને રીન્યુંની ઝંઝટ છે તેમાંથી મુકિત મળવી જોઈએ, સવારના ૯ થી ૬.૧૦ ના ટાઈમના સ્થાને ૧૧ થી ૫ નો ટાઈમ કરવામાં આવે. હાલમાં ૭ ટકા પગાર વધારો આપવામાં આવ્યો છે તેના બદલે ૫૦ ટકા પગાર વધારો આપવામાં આવે. સંઘ દ્વારા આગામી સમયમાં પ્રશ્નોનો ઉકેલ નહી ંઆવે તો સરકારને અલ્ટીમેટમ આપવામાં આવશે અને અચોકકસ મુદત માટે કામગીરીનો ત્યાગ કરવામાં આવશે. ગાંધીગનર સત્યાગ્રહ છાવણી ખાતે સરકારની શોષિત નીતી સામે મુખ્ય માંગણીઓને લઈ આમરણાંત ઉપવાસ કરશે.

## સિવિલમાં ડોકટર્સની અછત દર્દીઓને ભારે પરેશાની

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડોકટર્સની અછત વર્તાઈ છે. જીએમઈઆરએસ દ્વારા થોડા સમય પહેલા એમસીઆઈને પગલે ડોકટર્સની હિંમતનગર અને વડનગર ખાતે બદલી કરવામાં આવી હતી. તે ઉપરાંત સિવિલમાં કાર્યરત ડોકટરને તાજેતરમાં બદલી સાથે બઢતી મળતા ૭ ડોકટર અન્યત્ર જતા રહેતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ડોકટર ન હોવાથી ઓપીડીમાં પણ દર્દીઓની બુમ ઉઠવા પામે છે તો બીજીતરફ ડોકટરને કામના વધુ પડતા બોજને કારણે દર્દીઓના ઓપરેશન પણ મુલતવી રાખવાની ફરજ પડે છે. ત્યારે હાલની સ્થિતિએ ડોકટર અને દર્દીઓની હાલત જાયે તો જાયે કહા જેવી સર્જાઈ છે.

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે સિવિલમાં પહેલા કરતા પણ સ્થિતિ વધુ ખરાબ બની જવા પામી છે. ૬૦૦ બેડની આધુનિક હોસ્પિટલમાં ડોકટરની ઉણપ વર્તાય છે. પહેલા ૧૫૦ બેડની હોસ્પિટલમાં જેટલા ડોકટર હતા તેના કરતા પણ ઓછા ડોકટર હાલ ૬૦૦ બેડની હોસ્પિટલમાં ફરજ બજાવી રહ્યા છે. ડોકટરના મહેકમમાં ધરખમ ઘટાડો નોંધાતા સિવિલ તંત્ર પણ અંસમજસમાં મુકાયું છે. ત્યારે સિવિલમાં ફરજ બજાવતા ડોકટરને ઓપીડીમાં અને વોર્ડમાં દર્દીઓને ચેક કરવાના, ઓપરેશન કરવાના, કોલેજમાં તબિબિ વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પુરો કરવાનો, પેપર નીકાળવાના અને ચેક પણ કરવાના તેમજ દરરોજ એક વીવીઆઈપી ડ્યુટી તો ખરી જ. જેને પગલે ડોકટરોની ફરીયાદો ઉઠતા સિવિલમાં ફરજ બજાવતા તમામ વિભાગના એચઓડી સિવિલ સુપ્રિટેન્ડન્ટ સાથે બેઠક યોજી હતી અને પોતાની આપવીતી જણાવી હતી. ત્યારે તાજેતરમાં બઢતી સાથે બદલી થતા ફરજ પરથી બીજા ૭ ડોકટરની અછત ઉભી થવા પામી છે.

## કોંગ્રેસની જન સંકલ્પ રેલીમાં પોલીસનો લોખંડી બંદોબસ્ત

ગાંધીનગર, તા.૧૧

લોકસભાની ચુંટણીના પડઘમ વાગી ચુક્યા છે. રાજકીય પક્ષોએ બેઠકો જીતવા માટે આયોજનો શરુ કરી દીધા છે. રાજકીય ચુંટણીના માહોલનો પ્રારંભ થયો છે. ત્યારે ગાંધીનગર શહેરને અડીને આવેલા અડાલજ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા જન સંકલ્પ રેલીનું આયોજન મંગળવારના રોજ કરવામાં આવ્યું છે.આ રેલીમાં કોંગ્રેસના સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી ગુજરાતમાં પ્રથમવાર એક મંચ પર બિરાજશે. આ જનસંકલ્પ રેલીમાં રાજયભરમાંથી કોંગ્રેસના હજ્જારો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. આ જનસંકલ્પ રેલીમાં કોંગ્રેસ શાસિત રાજયના મુખ્યમંત્રી તેમજ દેશના કોંગ્રેસના ટોચના નેતાઓ અડાલજ ખાતે હાજરી આપવા માટે આવશે.ત્યારે કાર્યક્રમ અને નેતાની સુરક્ષા અને સલામતીમાં કયાય કચાશ ન રહી જાય તે માટે પોલીસ દ્વારા કડક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.જેમાં ૫ એસપી, ૯ ડીવાયએસપી, ૧૮ પીઆઈ, ૧૦૦ પીએસઆઈ, ૧૫ મહિલા પીએસઆઈ, ૭૦૦ પોલીસ જવાનો,૨૦૦ મહિલા પોલીસ, ૭૦ ટ્રાફિક પોલીસ મળી કુલ ૧૧૦૦ પોલીસ થી વધુ પોલીસ અને એસઆરપીની ૨ કંપની બંદોબસ્તમાં ખડેપગે ફરજ બજાવશે.

## જાગૃત નાગરિક પરિષદ દ્વારા સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સામાન્ય સભાનું આયોજન તા. ૨૩મી માર્ચના રોજ સે-૨૧ સ્થિત નમન એપાર્ટમેન્ટ ખાતે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને સવારે ૧૧ કલાકે યોજાશે. જેમાં નવી કાર્યવાહક સમિતિ અને વર્ષ ૨૦૧૮-૧૯ના હિસાબોને મંજુરી સાથે અન્ય પ્રશ્નોની ચર્ચા થશે. સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતના સભ્યોને ખાસ ઉપસ્થિત રહેવા મહામંત્રી દ્વારા જણાવાયું છે.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૧

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર કેમ્પસ ખાતે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કાર્યક્રમ નું આયોજન કરવા આવેલ હતું.

આ પ્રોગ્રામમાં યુનિવર્સિટીના ઉપપ્રમુખ આદિ જૈન, કુલસચિવ ડો.એસ.કે.ઠાકુર અને વિવિધ શાખાના આચાર્ય હાજર રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મહિલા સફાઈ કર્મચારીઓ દ્વારા કેક કટીંગ કરી તેઓને ગળ્યું મોઢું કરાવી તેઓની કાર્યગીરીને બિરદાવી હતી અને તેઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

પ્રોગ્રામની શરૂઆત આ દિવસની ઉજવણીનું કારણ અને મહત્વ સમજાવીને સહાયક અધ્યાપક અને સિવિલ એન્જિનિરીંગ વિભાગના વડા ધ્વનિ જોશી દ્વારા કરવામાં આવી હતી. તેઓ એ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (૮ માર્ચ) એ વૈશ્વિક દિવસ છે જેમાં સ્ત્રીઓની રાજકીય ઉપરાંત સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સિદ્ધિઓ વિષે સ્વીકૃતિ અને માહિતી આપવામાં આવે છે.

મહિલા સશક્તિકરણ માત્ર ભારતમાં જ નહિ પરંતુ આજુબાજુ પણ એક ખૂબ જ




જાણીતો અને ચર્ચિત સામાજિક મુદ્દો બની ગયો છે.

આંતરરાષ્ટ્રીય વિકાસ અધિકારી, કૃતિ ઠક્કર એ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ભારત સરકાર તમામ મહિલા ઉદ્યમીઓને પ્રોત્સાહન આપી રહી છે અને મદદ કરી રહી છે, પરંતુ ગ્રામીણ વિસ્તારમાં મહિલા ઉદ્યમીઓ માટે બનાવવામાં આવેલી વિવિધ યોજનાઓની જાણકારી નો હજુ પણ અભાવ છે. જયારે ગ્રામીણ વિસ્તારોમાંથી મહિલાઓ પોતાની જાતે કંઈક શરૂ કરવા માંગે છે ત્યારે ત્યારે તેઓ એ ઘણા પડકારોનો સામનો કર્યો છે. ગ્રામીણ મહિલાઓ તેમના સપનાને પરિપૂર્ણ કરવા એક પગલું આગળ વધી રહી છે અને આ દિવસોમાં ગ્રામીણ લોકોની બદલાતી માનસિકતા પણ તેમને કામ કરવા અને તેમને ટેકો આપીને બદલી રહી છે.

ઝલક શાહ, સહાયક અધ્યાપક, ડિઝાઈન સ્કૂલ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, મારા મતે ડિઝાઈનર એ 'એક રચનાકાર' છે.

સ્ત્રી એ એક ડિઝાઈનર છે જે ફક્ત ઉત્પાદન, કાપડ અથવા ઘર બનાવતી નથી પરંતુ ખૂબ જ અગત્ય એવી 'જિંદગી' બનાવે છે. ડિઝાઈનના વ્યવસાયમાં, મહિલાઓ આજના જમાનામાં પોતાની બહુ-કાર્યકારી પ્રકૃતિ અને સામાજિક અનુભવ પર જે રીતે પ્રતિક્રિયા આપે છે તે દ્વારા સમાજને હકારાત્મક રીતે બદલવાની શક્યતાઓને વધારે છે.

આ ઉપરાંત, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ઉપપ્રમુખના વહીવટી મદદનીશ, અલીશા બહેને જણાવ્યું હતું કે, આજે એક સક્ષમ મહિલા તેની ઑફિસ અને ઘરનું સંચાલન સાથે સાથે નાણાકીય વ્યવસ્થા સંપૂર્ણ વ્યવસ્થા હાથ ધરે છે.



અમદાવાદ ખાતે યોજાયેલ હોર્સ રેસમાં ગાંધીનગરના મારવાડી જાતના ઘોડીના વછેરા 'સુલતાન' એ વછેરા કેટેગરીમાં જીત મેળવી છે. સુલતાનના માલિક સંજયભાઈ દેસાઈ દ્વારા રેસમાં મદદરૂપ થનાર કુલદીપભાઈ દેસાઈ, ચિરાગભાઈ દેસાઈ, જીજ્ઞેશભાઈ જોશી, કુલદીપભાઈ પંડયા અને મિહિર દરજીનો આભાર માન્યો છે.

## પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્ર કાર્યરત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સ્થિત ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા પાટીદાર યુવક યુવતીઓ વચ્ચે લગ્નસંબંધ જોડવા માટેનું પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્ર છેલ્લા એક વર્ષથી શરુ કરવામાં આવ્યું છે. લગભગ ૧૦૦ જેટલા યુવક યુવતીઓને લગ્ન સંબંધે જોડાવવા કેન્દ્ર મદદરુપ રહ્યું છે. સંસ્થાના જણાવ્યા મુજબ લગ્ન ઈચ્છુક યુવક યુવતી તથા તેમના વાલી ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

પાટીદાર યુવક-યુવતીઓ વચ્ચે લગ્ન સંબંધ જોડવા માટેનું પાટીદાર જીવનસાથી પસંદગી સેવા કેન્દ્ર સે-૧૨ સ્થિત ઉમિયા માતાજી સંસ્થાન ખાતે શરુ કરવામાં આવ્યું છે. કેન્દ્રના કન્વીનર રમણભાઈ પટેલ દ્વારા પાટીદાર સમાજના પુખ્ત ઉંમરના લગ્નોચ્છુક યુવક-યુવતીઓને સ્વયં અથવા વાલી સાથે જન્મ તથા અભ્યાસનું પ્રમાણપત્ર, પાસપોર્ટ અને પોસ્ટકાર્ડ સાઈઝના ફોટા સાથે કેન્દ્રના સમયે સવારે ૧૦થી ૧૨ અને બપોરે ૪ થી ૬ વાગ્યાના સમયગાળા વચ્ચે રૂબરૂ ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે. આ ઉપરાંત રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ જ અન્ય યુવક યુવતીના ડેટા જોઈ શકાશે તથા નોંધાયેલા યુવક યુવતીઓમાં લગ્ન માટે પાંચ યુગલો જો માતાજીના સાંનિધ્યમાં લગ્ન માટે તૈયાર થશે તો ઉમિયા માતાજીના સાંનિધ્યમાં નિઃશુલ્ક લગ્ન કરાવી અપાશે તેમ સંસ્થાના મહામંત્રી ભોળાભાઈ આઈ. પટેલ દ્વારા જણાવાયું છે.

## આરોગ્ય સુરક્ષા સાધન પરત કરવા અપીલ

ગાંધીનગર, તા.૧૧

જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા અપાતા આરોગ્ય સુરક્ષા સાધન ગાંધીનગરના જે નાગરિકોએ લીધા હોય તથા સાધન રીન્યુ કરાવેલ ન હોય તો આ સાધનની ડિપોઝીટ આગામી તા. ૩૧મી માર્ચ સુધી સાધન પરત આપી સંસ્થા કાર્યાલય ઉપરથી મેળવી લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે. આ ઉપરાંત વિતેલ સમયબાદ સાધનની ડિપોઝીટ પરત મળશે નહિ તેમ જણાવાયું છે.

## ગાંધીનગરના 'વિશેષ' બાળકો અબુધાબી ખાતે સ્પેશિયલ ઓલમ્પિકમાં માર્ચ પાસ્ટ કરશે

### કુડાસણ ખાતે વિશેષ એજયુકેશન સેન્ટરના ૯ બાળકોને અબુધાબી ખાતે યોજાનાર 'સ્પેશિયલ ઓલમ્પિક વર્લ્ડ ગેમ્સ ૨૦૧૯' માટે આમંત્રણ મળ્યું : બુધવારે અમદાવાદ એરપોર્ટથી રવાના થશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના કુડાસણ ખાતે મનો દિવ્યાંગ બાળકોના




શિક્ષણ તાલીમ અને પુનર્વસન માટે કાર્યરત વિશેષ એજયુકેશન સેન્ટરના ૯ બાળકો 'સ્પેશિયલ ઓલમ્પિક વર્લ્ડ ગેમ્સ અબુધાબી ૨૦૧૯'માં માર્ચ પાસ્ટ માટે પસંદગી પામ્યા છે. જે ગાંધીનગર માટે ગૌરવપ્રદ ઘટના છે. આ બાળકો આગામી તા. ૧૩મી માર્ચે બપોરે ૨ વાગે અમદાવાદથી વિમાન માર્ગે અબુધાબી જવા રવાના થશે. આજે આ બાળકોએ ગાંધીનગર સમાચારની મુલાકાત લીધી હતી.


જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના નેજા હેઠળ વિશેષ એજયુકેશન સેન્ટર ખાતે આંશિક રીતે મનોદિવ્યાંગ બાળકોને પધ્ધતિસર તાલીમ સાથે શિક્ષણ આપી તેમની મનોદિવ્યાંગતા દૂર કરી તેમને મુખ્યધારામાં જોડવાનો પ્રયાસ કરવામાં આવે છે. વિશેષ એજયુકેશન સેન્ટરમાં હાલ આ પ્રકારે ૪૫ મનોદિવ્યાંગ બાળકો અભ્યાસ કરી રહ્યા છે અને તાજેતરમાં જ વિશેષ એજયુકેશનને આ ક્ષેત્રે શ્રેષ્ઠ સ્કૂલનો એવોર્ડ પણ પ્રાપ્ત થઈ ચુકયો છે. આગામી તા. ૧૪મી માર્ચથી અબુધાબી ખાતે વિશ્વના મનોદિવ્યાંગ ખેલાડીઓની 'સ્પેશિયલ ઓલમ્પિક વર્લ્ડ ગેમ્સ ૨૦૧૯' યોજાઈ રહી છે. તા. ૪મીથી તા. ૨૧ માર્ચ દરમિયાન યોજાનારા આ વૈશ્વિક કક્ષાના રમતોત્સવમાં ગાંધીગરના વિશેષ એજયુકેશનના ૯ બાળકોને માર્ચ પાસ્ટ માટે પસંદ કરી ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ બાળકો તા. ૧૩મી માર્ચે બપોરે ૨ વાગે અમદાવાદ એરપોર્ટથી અબુધાબી જવા રવાના થવાના છે. તેમની સાથે વિશેષ એજયુકેશનના પ્રિન્સિપાલ ચિરાગ ઉપાધ્યાય, ડાયરેકટર દિપાલી ઉપાધ્યાય, સંસ્થાના સલાહકાર રેખાબેન પનસાનીયા તથા જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશનના ચેરમેન અનુપ પરીખ પણ આબુધાબી ખાતે જવા રવાના થશે. અબુધાબી જઈ રહેલા બાળકો પ્રથમવાર જ હવાઈ મુસાફરી કરશે તથા તેઓ પ્રવાસ દરમિયાન અબુધાબી અને દુબઈ ખાતેના જોવાલાયક સ્થળો જેવા કે એકવરીયમ, અન્ડરવોટર ઝુ, ડેઝર્ટ સફારી વગેરેની મુલાકાતનો આનંદ પણ માણશે. ગાંધીનગર સમાચારની મુલાકાત દરમિયાન બાળકોને તંત્રી કૃષ્ણકાંત જહાએ આશીર્વાદ આપી શુભેચ્છાઓ પાઠવી હતી તથા સંસ્થાના સંચાલકોને અભિનંદન પાઠવ્યા હતા.

**અબુધાબી જઈ રહેલા 'સ્પેશિયલ' બાળકો**

● ધાર્મિ પટેલ ● ઓમ ઉપાધ્યાય ● કલ્પ પટેલ ● દક્ષ મહેશ્વરી ● વેદાંત સિનોલ ● યશ પટેલ ● યુવરાજ મકવાણા ● નિકુલ ઠાકોર

### બીએસએફના સ્વર્ગસ્થ જવાનનો દિકરો પણ સામેલ

અબુધાબી જઈ રહેલા બાળકોમાં સે-૩૦ના યુવરાજ મકવાણા નામના બાળકના પિતા ઈશ્વરભાઈ મકવાણા બીએસએફમાં ફરજ



બજાવતા હતા અને દસેક વર્ષ પૂર્વે જયારે યુવરાજ માત્ર ૩ વર્ષનો હતો ત્યારે તેમને હાર્ટએટેક આવતા અવસાન પામ્યા હતા. આ પછી યુવરાજના માતા રસીલાબેન મકવાણાએ મનોદિવ્યાંગ બાળક યુવરાજ ઉપરાંત હાલ ઈલેકટ્રોનિકસ કોમ્યુનિકેશનમાં અભ્યાસ કરતી દિકરી નમ્રતા અને ધો-૧૨માં ભણતો દિકરો સુમિત સહિત ત્રણે સંતાનોને પતિના પેન્શન તથા સિલાઈકામ જેવા કાર્યો કરીન ઉછેર્યા છે. બીએસએફના જવાન ઈશ્વરભાઈને માત્ર ૪૧ વર્ષની વયે હાર્ટ એટેક આવ્યો હતો.

## વોલીબોલ એકેડેમીમાં પ્રવેશ માટેનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સંચાલિત નડિયાદ અને હિંમતનગર ખાતે વોલીબોલ એકેડેમી અને ડી.એલ.એસ.એસ.માં ગાંધીનગર જિલ્લાના ભાઈ-બહેનોના પ્રવેશ માટે હાઈટ હન્ટનું આયોજન કરેલ છે.

રસ ધરાવતા ભાઈ બહેનોએ બ્લીસ ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલ એસ્સાર પેટ્રોલ પંપની સામે માણસા ખાતે તા. ૧૯મી માર્ચના સવારે નવ વાગે પહોંચી જવા જણાવાયું છે. ખોલાડીઓને આધારકાર્ડ તથાં બોનાફાઈડ સર્ટીફીકેટ સાથે હાજર રહેવા પણ જણાવાયું છે. વધુ માહિતી માટે ૦૭૯-૨૩૨૪૧૧૮૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. કંચનબેન ભીખુસિંહ વાઘેલા, ઉ.વ. ૩૭
- સ્વ. રતિલાલ જીવાભાઈ પરમાર, ઉ.વ. ૩૦
- સ્વ. ભવાનસિંહ રણછોડસિંહ વાઘેલા, ઉ.વ. ૯૨
- પરભુદાસ લક્ષ્મીદાસ અન્નમ, ઉ.વ. ૮૨
- ત્રિકમલાલ વસ્તાભાઈ મકવાણા, ઉ.વ. ૬૫
- ઓડેદરા જીવીબેન સમિતભાઈ, ઉ.વ. ૭૮
- પટેલ બાબુભાઈ મોહનદાસ, ઉ.વ. ૭૫